# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ જયેષ્ઠ પૂર્ણિમા ❖ 23 જુન 2013 ❖ વર્ષ – 14 ❖ અંક – 3 ❖ સળંગ અંક - 159

## ધમ્મવાણી

बुद्धो लोकम्हि उत्पन्नो, मनुस्सत्तम्पि दुल्लभं ।
उभोसु ज्जिमानेसु, सवनञ्च सुदुल्लभम् ।।

સંસારમાં બુદ્ધનું ઉત્પન્ન હોવું દુર્લભ છે. પ્રાણીઓનો મુનુષ્યયોનિમાં જન્મ થવો દુર્લભ છે. એ બન્ને વિદ્યમાન હોય ત્યારે બુદ્ધ દ્વારા ઉપદિષ્ટ ધર્મનું શ્રવણ દુર્લભ છે. ધર્મના પથપર ચાલવું દુર્લભ છે.

## પૂ. ગોયન્કાજીએ ગુરુ પૂર્ણિમાએ કરેલું ઉદ્‌બોધન - ૪ જુલાઈ ૨૦૦૪

**(સારાંશ)**

સિધ્ધાર્થ ગૌતમ ગૃહત્યાગ કર્યા બાદ પ્રથમ તો આલાર કલામ પાસે જઇને સાત ધ્યાનોની ઊંડી સાધના શીખ્યા પરંતુ સંતોષ ન થયો તેથી ઉદ્દક રામપુત્ર પાસે જઇને આઠમું ધ્યાન શીખ્યા. તેમણે જોયું કે પ્રથમથી ચતુર્થ ધ્યાન રૂપ–બ્રહ્મલોક સુધી પહોંચાડે છે જયાં સૂક્ષ્મ વાયવ્ય કાયા હોય છે; અને પાંચમાંથી આઠમાં ધ્યાનમાં કેવળ ચિત્ત છે જયાં ચિત્તને ફેલાવતાં ફેલાવતાં અનંત સુધી લઇ જઇને ભવાગ્ર લોક સુધી પહોંચી શકાય છે; અનંત કલ્પો સુધી એ શીર્ષસ્થ લોકનો આનંદ ભોગવવા છતાં લોકોત્તર અવસ્થા સુધી પહોંચાતું નથી. સંસારચક્ર ચાલતું જ રહે છે.

તેથી તે વખતની પ્રચલિત કાયાકષ્ટ સાધનાઓ છ વર્ષ સુધી કરી. તેમાં પણ કશુંક ખૂટતું લાગ્યું તેથી આહાર ગ્રહણ કર્યો અને ચિંતન કર્યું કે પોતે સાત વર્ષની વયે એકલા નગરમાં વાવણીના ઉત્સવ પ્રસંગે જાંબુના ઝાડની એકલા પડેલા ત્યારે આપોઆપ આનાપાનનું ધ્યાન પ્રાપ્ત થઇ ગયેલું તેનો પ્રયોગ કેમ ન કરવો ? આમ વિચારી શ્વાસ જોવાનું કામ શરૂ કર્યું અને તેમાં આગળ વધતાં વધતાં વિપશ્યના મળતાં લોકોત્તર અવસ્થાએ પહોંચી ગયા.

(સાત સપ્તાહ તો આંતરિક શાંતિમાં વિતાવ્યા પછી નિર્ણય કર્યો કે વિદ્યાનું વિતરણ કરું)જે ધર્મમાં પાકે છે તેનામાં બે ગુણો ઉજાગર થાય છે. કૃતજ્ઞતા–જેમની પાસેથી કંઇક પ્રાપ્ત થયું છે તેમના પ્રતિ આદર–સન્માન અને બીજો પુબ્બકારિતા એટલે કે બદલામાં કશું પામવાની ભાવના વિના ઉપકાર કરવમાં પહેલ કરવાની વૃત્તિ. તો ક્યાંક સંબુદ્ધના મનમાં આ બે ગુણ ઉજાગર થયા અને વિચાર્યું કે વિદ્યા વહેંચું તો કોને ?

તો જેમની પાસેથી આઠ ધ્યાન શીખ્યાં હતાં તે બે આચાર્યો યાદ આવ્યા. પરંતુ બોધિનેત્રથી જોતાં જાણ્યું કે આલાર કલામ સાત દિવસ પૂર્વે મૃત્યુ પામીને અને ઉદ્દક રામપુત્ર આગલી રાત્રે મૃત્યુ પામીને અરૂપ બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયા છે જયાં કેવળ ચિત્ત જ હોય છે તેથી ઉદ્ય–વ્યયનું જ્ઞાન થઇ શકતું નથી તો વિપશ્યના શીખી શકાતી નથી.

પછી યાદ આવ્યા પાંચ બ્રાહ્મણ. જે આઠ બ્રહ્મણોએ તેમના સંબુદ્ધ થવાની ભવિષ્યવાણી કરેલી તેમાંના સાત તો મૃત્યુ પામેલા પરંતુ આઠમાં કૌંડન્ય જીવિત હતા. સિદ્ધાર્થ ગૌતમે ગૃહત્યાગ કર્યાના સમાચારથી પોતાના સાથી મિત્રોના પુત્રો પાસે જઇને ગૃહત્યાગ કરવાની પ્રેરણા આપી, જેમાના ચાર તૈયાર થયેલા. આ પાંચેય બ્રાહ્મણોએ ભિક્ષુ બનીને છ વર્ષ લગી સિદ્ધાર્થ ગૌતમની પરિચર્યા કરેલી. (અને તેમણે આહાર ગ્રહણ કરવાનું શરું કર્યું તો છોડી ગયેલા.)

મારા આ સાથી મિત્રોએ મારી ખૂબ સેવા કરી છે તેમને વિદ્યા શીખવું એમ વિચારી તેઓ મૃગદાય (સારનાથ) પહોંચ્યા અને પ્રથમ ધર્મોપદેશ આપ્યો. (આ ઉપદેશમાં આખી વિદ્યા સમાયેલી હતી.) પાંચેય ભિક્ષુ અરહંત થયા. અષાઢી પૂર્ણિમાએ આપેલો આ પ્રથમ ઉપદેશ ધર્મચક્ર પ્રવર્તન કહેવાયો.

સિદ્ધાર્થ ગૌતમે કેવળ છ વર્ષની જ દુષ્કરચર્યા નહોતી કરી. અસંખ્ય કલ્પો સુધી અનેક કષ્ટો વેઠીને પારમી પુષ્ટ કરતાં કરતાં સમ્યક્ સંબુદ્ધ થયા હતા. આટલા પરિશ્રમથી તેમણે આ વિદ્યા શોધી કાઢી ન હોત અને શોધી કાઢ્યા પછી વિતરણ કર્યું ન હોત તો આપણને શી રીતે પ્રાપ્ત થાત ? તો આજના ગુરુપૂર્ણિમાંના પાવન દિવસે આપણા મનમાં એ લોકગુરુ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ જાગે. કેવળ મૂર્તિ (કે ચૈત્ય) બનાવીને ધૂપદીપ (ચઢાવીને જયજયકાર) કરવામાં સાચું પૂજન નથી. તેમની શીખવેલી વિદ્યા અપનાવીને તેમાં આગળ વધીએ તો સાચી કૃતજ્ઞતા.

ભગવાન બુદ્ધે ૪૫ વર્ષ સુધી વિદ્યા શીખવી અને તેમના મહાપરિનિર્વાણ બાદ તેમના શિષ્યો શીખવતા રહ્યા અને ગુરુશિષ્ય પરંપરાથી અઢીસો વર્ષ સુધી શુદ્ધ રહી. જો એ આચાર્યોએ શુદ્ધ ન રાખી હોત તો આપણને શી રીતે પ્રાપ્ત થઇ હોત ? તો એ આચાર્યો પ્રત્યે કૃજ્ઞતા (અને સાચી કૃતજ્ઞતા તો વ્યકત થાય જો પરંપરાથી

પ્રાપ્ત આ વિદ્યામાં આગળ વધીએ અને વધુમાં વધુ લોકો સુધી પહોચાડીએ.)

ભગવાન બુદ્ધના અઢીસો વર્ષ બાદ ભારતમાં સમ્રાટ અશોક થયો, જે સૌભાગ્યે વિપશ્યી આચાર્યને મળ્યો અને (રાજસ્થાનના વિરાટનગરમાં જઇને) વિદ્યા શિખીને ગદ્‌ગદિત થયો, 'ચંડ અશોક' માંથી 'ધમ્મ અશોક' બન્યો અને ધર્મપ્રસારમાં લાગી ગયો. દેશભરમાં ઠેરઠેર ધર્મને લગતી વાતોના શિલાલેખો લખાવ્યા; પોતાના અરહંત ગુરુ મોલગી પુત્ત તિસ્સના નેતૃત્વ હેઠળ ભગવાનની વાણીનું સંગાયન કરાવ્યું; અને કેવળ ભારતના લોકોને માટે જ નહીં વિશ્વના લોકો માટે ઠેર ઠેર ધર્મદૂતો મોકલ્યા.

જેમ અનેક દેશોમાં ગઇ તેમ વિપશ્યના વિદ્યા બર્મા (સ્વર્ણભૂમિ) માં પણ ગઇ અન્યત્ર તો કેવળ વાણી જ સચવાઇ રહી, બર્મામાં વિપશ્યના વિદ્યા પણ સચવાઇ રહી. केवल परिपुण्णं, केवल परिशुद्धं આ વાત ત્યાંના આચાર્યોએ ગુરુશિષ્ય પરંપરાથી હૃદયમાં સંઘરી રાખીને વિદ્યામાં કોઇ જોડ-તોડ ન કરી; કારણ કે તેમણે તેમાં જ પોતાનું કલ્યાણ જોયું. વધુમાં જ્યારે બર્મામા વિપશ્યના ગઇ ત્યારે એક સંતે ભવિષ્યવાણી કરેલી કે સ્વર્ણભૂમિમાં વિપશ્યના-રત્ન સચવાઇ રહેશે અને ભગવાન બુદ્ધના ૨૫૦૦ વર્ષ બાદ પુનઃ ભારતભૂમિમાં જઇને ત્યા પ્રસ્થાપિત થઇ વિશ્વભરતના લોકોનું કલ્યાણ કરશે. આ વાતને બર્માના મુઠ્ઠીભર આચાર્યોએ વંશપરંપરાગત શ્રદ્ધાપૂર્વક યાદ રાખી.

તો (જેમના નામ પણ) અજ્ઞાત છે એવા એ આચાર્યો પ્રત્યે આપણી કૃતજ્ઞતા. એ (ગુરુશિષ્ય) પરંપરામાં એક ભિક્ષુ લેડી સયાડો, મારા પરદાદા ગુરુએ (બર્માની તથા) ભારતની યાત્રા કરી અને જોયું કે ભારતમાં બુદ્ધ વિરોધી પ્રચારોને લીધે એક ભિક્ષુની વાત કોઇ સાંભળે તેમ નથી તો કોઇ ગૃહસ્થને તૈયાર કરવા પડશે. આથી ભગવાન બુદ્ધના સમયમાં હતું તેમ તેમણે ગૃહસ્થો માટે ધર્મના દ્વાર ખોલ્યા અને ગૃહસ્થ શિષ્યો તૈયાર કર્યા.

તેમના એક ગૃહસ્થ શિષ્ય, મારા દાદાગુરુ સયા તેજીએ એક આદર્શ ગૃહસ્થનું ઉદાહરણ પૂરૂં પાડ્યું. તેમના શિષ્ય, મારા પરમ પૂજ્ય ગુરુદેવ સયાજી ઉબા ખિનનો ઉત્કટ ધર્મસંવેગ કે (૨૫૦૦ વર્ષ પૂરાં થયાં)હવે ભારતનું ઋણ ચૂકવવાનો સમય આવ્યો. આજે ભારત કંગાળ છે, આ રત્ન મોકલીને ઋણ ચૂકવું. પરંતુ પોતે ન જઇ શક્યા તો પોતાના શિષ્ય તરીકે મને તૈયાર કર્યો કે મારા વતી તું ધર્મ લઇ જઇશ. પોતાનું કર્તવ્ય સમજીને આટલું મોટું કામ કર્યું તેમના પ્રત્યે કૃતજ્ઞતાથી મન ભરાઇ જાય! અને બર્મી સરકારે પણ નિયમ તોડીને મને પાસપોર્ટ આપ્યો, તેના પ્રત્યે પણ કૃતજ્ઞતા થાય. (આમ, એ સર્વ પ્રત્યે આદર જાગે)

અને બીજો ગુણ पुब्बकारी (કેવળ આપવાનો ભાવ) વધુ ને વધુ લોકો ધર્મના અનુયાયી બને ધાર્મિક બને તેવો ભાવ, બૌદ્ધોની સંખ્યા વધારવાનો હેતુ નહીં. શીલ સમાધિ, પ્રજ્ઞાનું પાલન કરે તે જ મારા માટે બુદ્ધાનુયાયી છે. ( ધારણ કરે તો ધર્મ) પોતાનું પણ કલ્યાણ એને અન્યનું પણ કલ્યાણ કરું, આ ભાવ જાગે તો સાચું સન્માન, સાચી શ્રદ્ધા, સાચી કૃતજ્ઞતા. (સંખ્યા વધારવાથી કશુ ન મળે) ધર્મ એટલે આત્મ-કલ્યાણ સાથે લોક-કલ્યાણ.

તો ગુરુપૂર્ણિમાના આ પાવન દિવસે સંકલ્પ કરીએ કે આપણે ધર્મમાં પાકવું છે. ભગવાન બુદ્ધથી માંડીને સંપૂર્ણ ગુરુશિષ્ય પરંપરાનું સન્માન કરવું છે. વધુમાં વધુ લોકોનું કલ્યાણ કરવાનો ભાવ જાગે; માન-સન્માન, ધન-સત્તા કશાની અપેક્ષા વિના કેવળ લોકકલ્યાણ.

તો ભગવાન બુદ્ધ પ્રત્યે તથા જેમણે વિપશ્યનાને પરિપૂર્ણ, પરિશુદ્ધ રાખી તેમના પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે એક જ ઉપાય કે વધુમાં વધુ લોકોને ધર્મમાં પાકવામાં સહાયક થઇએ.

**ભવતુ સવ્વ મંગલં**

**સત્ય નારાયણ ગોયન્કા**

## વ્યસ્ત વ્યવસાયી માટે અનિવાર્ય : વિપશ્યના

**- ડો. કે. કે. રાવલ**
એમ.ડી. (મેડી.), ડી.એમ. (ગેસ્ટ્રો) દિલ્હી
રાજકોટ.

વિપશ્યનાએ મારું જીવન બદલી નાખ્યું છે. તેના થકી હું પ્રસન્ન થવું, પ્રસન્ન રહેવું અને અન્યોને પ્રસન્ન રાખવાનું શીખ્યો છું. આ અભિવ્યક્તિથી ય વધુ અનુભૂતિની બાબત છે. **ધન-સંપત્તિની ગમે તેટલી માત્રા મને એ શાંતિ ન આપી શકી હોત, જે મને વિપશ્યનાને લઈ ૧૦ દિવસમાં પ્રાપ્ત થઈ છે.** મારી ક્ષમતામાં હદ બહારની વૃદ્ધિ થઈ છે. વિપરીત અવસ્થામાં શાંતિ જાળવવાનું મને શીખવા મળ્યું છે. **પ્રત્યેક વ્યસ્ત વ્યવસાયી માટે વિપશ્યના સાધના અનિવાર્ય છે.**

---

**૯૦% ઉપરાંત બિમારીઓનું ઉદ્‌ભવ સ્થાન મન છે, વિપશ્યના સાધના મનની સફાઇ માટેનું અદ્‌ભુત ઓપરેશન છે, જે બિમારીના મૂળ કારણ સુધી પહોંચી તેને જડમૂળ થી સાફ કરે છે. તેથી સારવારમાં એક મોટું પૂરકબળ આપે છે. હકીકતમાં બિમારીઓનું મટવું તો સાધનાની બાયપ્રોડક્ટ છે. સાધનાનો મૂળ હેતુ આધ્યાત્મિક વિકાસ છે.**

**- ડો. શ્રેણીક શાહ, એમ.એસ. (ઇ.એન.ટી.)**

---

**વિપશ્યના સાધના એક સંપૂર્ણ વૈજ્ઞાનિક ટેક્નીક છે, એક પ્રકારનું બોડી માઇન્ડ માટેનું સોફ્ટવેર છે, જે આપણી સિસ્ટમ અને રોજિંદા જીવન વ્યવહારને ખૂબ સરળ, શાંત અને સમતામય બનાવે છે. કોઇપણ નાત જાતના ભેદભાવ વગર યોગ્ય ટીચરના માર્ગદર્શન હેઠળ વિનામૂલ્યે શીખી શકાય છે.**

**- ડો. મયંક ઠક્કર (એમ.ડી. - ફીઝીશ્યન)**

કુલ કેટલી શિબિર કરી ? : ____________________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પઠ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ____________________

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ____________________

____________________

કોઇ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? ____________________

____________________

તારીખ : ____________________ સહી : ____________________

**નવું ઉત્તરદાયિત્વ - આચાર્ય**

શ્રી ચંદુભાઇ મહેતા અને

શ્રીમતી જ્યોત્સનાબેન મહેતા

ધમ્મકોટ કેન્દ્ર ઉપર કેન્દ્રીત

આચાર્યની સહાયતા.

**વરિષ્ઠ સહાયક આચાર્ય**

શ્રી અનિલભાઇ શાહ - ભાવનગર

**નવનિયુક્ત સહાયક આચાર્ય**

શ્રી રાજેશભાઇ પટેલ - રાજકોટ.

## જુનાગઢના સાધકો માટે સંમેલન

**તારીખ :** ૭ જુલાઇ, રવિવાર

**સમય :** સવારે ૧૦ થી ૪

ધમ્મકોટ કેન્દ્રથી વિપશ્યનાના વરીષ્ઠ આચાર્ય પ્રશ્નોત્તર સા. સાધના તેમજ સમેલનના સંચાલન માટે આવશે.

આપ આપના પ્રશ્નો સાથે લખીને લાવશો તેમજ આપના પરિચિત વિપશ્યી સાધકોને સમેલનમાં સામેલ થવા પ્રેરીત કરશો.

વ્યવસ્થા સુચારુ રૂપથી જળવાઇ રહે તે માટે આપ તેમજ આપના પરિચિત સાધકોના નામ નોંધવા વિનંતી.

**સંપર્ક :** શ્રી ધીરૂભાઇ શાહ
C/o. પદ્માબેન નાવાણી

**સ્થળ :** કેશરી ફાર્મ, વંથલી રોડ, જુનાગઢ - ૩૬૨ ૦૦૧.

**ફોન :** ૯૮૯૮૦ ૨૨૧૩૬

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર "ધમ્મકોટ" | કચ્છ વિપશ્યના કેન્દ્ર "ધમ્મસિંધુ" બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર "ધમ્મપીઠ" અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–"ધમ્મ દિવાકર" મીઠા મહેસાણા. | "ધમ્મ અંબિકા" | મોગર કેન્દ્ર "ધમ્મ ભવન" |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦ dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ અંબિકા | ધમ્મ ભવન |
|---|---|---|---|---|---|
| 03-07 to 14-07-13 | 26-06 to 07-07-13 | 03-07-13 to 14-07-13 | 03-07-13 to 14-07-13 | 03-07-13 to 14-07-13 | 10-07-13 to 21-07-13 |
| 17-07 to 28-07-13 | 10-07 to 21-07-13 | 31-07-13 to 11-08-13 | 31-07-13 to 11-08-13 | 17-07-13 to 28-07-13 | 08-09-13 to 19-09-13 |
| 29-07 to 09-08-13 | 24-07 to 04-08-13 | 14-08-13 to 25-08-13 | 14-08-13 to 25-08-13 | 03-08-13 to 14-08-13 | 16-10-13 to 27-10-13 |
| 22-08 to 02-09-13 | 02-09 to 13-09-13 | 04-09-13 to 15-09-13 | 18-09-15 to 29-09-13 | 30-08-13 to 10-09-13 | 10-11-13 to 21-11-13 |
| 04-09 to 15-09-13 | 15-09 to 26-09-13 | 18-09-13 to 29-09-13 | 16-10-13 to 27-10-13 | 02-10-13 to 13-10-13 | 11-12-13 to 22-12-13 |
| 18-10 to 29-10-13 | 13-10 to 24-10-13 | 16-10-13 to 27-10-13 | 06-11-13 to 17-11-13 | 16-10-13 to 27-10-13 | |
| | 27-10 to 07-11-13 | 01-11-13 to 12-11-13 | 20-11-13 to 01-12-13 | 05-11-13 to 16-11-13 | |
| | | 20-11-13 to 01-12-13 | 04-12-13 to 15-12-13 | | |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૧૧ થી ૫ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

**ધમ્મ અંબિકા** — રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન)

:: સરનામું ::
નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઇવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી

**: ધર્મજ :**
(૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫
હેમંતભાઈ પટેલ
01-07-13 to 12-07-13

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર "ધમ્મકોટ" રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર "ધમ્મસિંધુ" બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર "ધમ્મપીઠ" અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–"ધમ્મ દિવાકર" મીઠા મહેસાણા. | મોગર કેન્દ્ર "ધમ્મ ભવન" |
|---|---|---|---|---|
| **સતિપઠ્ઠાન શિબિરો** | | | | |
| 16-09-13 to 24-09-13<br>21-09-13 to 29-09-13 | 07-08-13 to 15-08-13<br>27-10-13 to 04-11-13<br>13-04-14 to 21-04-14<br>08-06-14 to 16-06-14 | | | 22-08-13 to 30-08-13 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | | |
| 22-08-13 to 02-09-13 | 02-09-13 to 13-09-13 | 17-07-13 to 28-07-13 | | |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | | |
| (૨૦ દિવસીય)<br>25-09-13 to 16-10-13<br>(૩૦ દિવસીય)<br>16-09-13 to 17-10-13 | (૨૦ દિવસ)<br>06-08-13 to 27-08-13<br>28-06-14 to 19-07-14<br>(૩૦ દિવસ)<br>26-11-13 to 27-12-13<br>(૩ દિવસ)<br>28-08-13 to 31-08-13<br>26-09-13 to 29-09-13 | | | (૩ દિવસ)<br>20-06-13 to 23-06-13<br>19-09-13 to 22-09-13<br>21-11-13 to 24-11-13 |

## ધમ્મકોટ પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ

જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ કેન્દ્ર પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ.

**તારીખ :** ૩૦ જુન ૨૦૧૩ રવિવાર.

**સમય :** સવારે ૧૦ થી બપોરે ૧ સુધી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.

**સંપર્ક :**–૧. ધમ્મકોટ કેન્દ્ર :૦૨૮૧ – ૨૯૨૪૯૨૪, મો.:૯૩૨૭૯૨૩૫૪૦

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૧૦ ઓગસ્ટ ૨૦૧૩ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૧૧ ઓગસ્ટ ૨૦૧૩ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૯ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૧૦ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું
મોકલી આપવા વિનંતી.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ___૧૦-૮-૧૩___ થી તા. : ___૧૧-૮-૧૩___ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : ________ પુરુષ/સ્ત્રી : ________ શિક્ષણ : ________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : ________ મોબાઇલ : ________ ઈ-મેઈલ : ________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ____________________

હોદ્દો : ________ નોકરી/ધંધાની વિગત : ____________________

## ધમ્મ સેવકો,સાધકોની કાર્યશાળા/સંમલેન, ૨૦૧૩

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતાં જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના સંકલ્પ 'બહુજન હિતાય બહુજન સુખાય' ની પૂર્તિ અર્થે ધર્મ પ્રસારના મિશનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઈ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રના સ્થાનોથી ધમ્મકોટ કેન્દ્ર પર સ્પેશ્યલ વાહન કરી સાધકો આવે છે. તેમ જ અનેક ગામો/શહેરોથી વિપશ્યના પરિચય કાર્યક્રમ, જે રવિવાર ના ૩ કલાકનો હોય છે, તેમાં ૨૫૦ થી ૩૦૦ નવા સાધકોને કેન્દ્ર બતાવવા વિપશ્યના સાધનાની જાણકારી મેળવવા જૂના સાધકો લઈને આવે છે. જે ખૂબ જ પ્રેરણાદાયી રહે છે. અનેક લોકોને ધર્મના પથ પર કદમ માંડવાનો કે આગળ વધવાનો અવસર પ્રદાન કરે છે. सब्ब दानं जीनाती. धम्म दानं जीनाती. ધર્મદાનનું આવું કલ્યાણકારી કામ અનેક સાધકોના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક થઈ રહયું છે. આવી ઉત્તમ સેવા દ્વારા આપણને એક તરફ ધર્મપથ પર આગળ ધપવા માટે જરૂરી એવી પારમિતાઓનું સંવર્ધન કરવાનો અવસર મળે છે તો બીજી તરફ પૂ. ગુરુજીના ધર્મપ્રસારના અભિયાનમાં સહાયક બની પોતાની કૃતજ્ઞતા વ્યકત કરવાનો મોકો મળે છે. આમ પોતાના હિતની સાથે અનેકોના હિતસુખમાં સહભાગી બનીએ છીએ.

ધર્મપ્રસારના આ મંગલકારી મિશનમાં સક્રિય એવા આપણે સહુ સાધના સાથે ધર્મસેવા અને પ્રસાર-પ્રચાર વિશે ચિંતન મનન કરી શકીએ, એ અર્થે જૂના સાધકો માટે ધમ્મકોટ પર બે-દિવસીય કાર્યશાળા/સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળા/સંમેલન તા. ૧૦-૮-૨૦૧૨, શનિવારે સવારે ૧૦ વાગ્યાથી તા. ૧૧-૮-૨૦૧૨, રવિવારે સાંજે ૪ વાગ્યા સુધી યોજેલ છે.
બહારગામના સાધકોને તા. ૯-૮-૨૦૧૩ના રાત્રિ સુધીમાં કેન્દ્ર ઉપર પહોંચવા વિનંતી. તા. ૯-૮-૨૦૧૩ સાંજે સાત વાગે તેમજ તા. ૧૦-૮-૨૦૧૩ સવારે ૮ વાગે ધમ્મકોટ જવા માટે સિટિ ઓફિસથી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. આ સંમેલનને સાર્થક બનાવવા આપના મહત્તમ સૂચનો, વિચારો, અનુભવો, પ્રશ્નો લખી મોકલવા વિનંતિ.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉતરોત્તર પ્રગતિ કરતા રહીએ એ જ મંગલ કામના...

### દોહા ધરમના

આજ નમન કા દિવસ હૈ, અંતર ભરી ઉમંગ ।
શ્રદ્ધા ઔર કૃતજ્ઞતા, વિમલ ભક્તિ કા રંગ ।।

ગ્રહણ કરું ગુરુદેવજી, એસી શુભ આશિષ ।
ધર્મ બોધિ હિય મેં ધરું, ચરણ નવાઉં શિશ ।।

ગુરુવર! તમુ મિલતે નહીં, ધરમ ગંગ કે તીર ।
તો બસ ગંગા પૂજતા, કભી ન પિતા નીર ।।

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

આઓ માનવ માનવી! ચલેં ધરમ કે પંથ ।
ઇસ પથ ચલતે સત્પુરુષ, ઇસ પથ ચલતે સંત ।।

ધર્મ–પંથ હી શાંતિ–પંથ, ધર્મ–પંથ સુખ–પંથ ।
જીસને પાયા ધર્મ–પંથ, મંગલ મિલા અનંત ।।

કદમ કદમ ચલતે રહેં, શુદ્ધ ધરમ કે પંથ ।
કદમ કદમ બઢતે રહેં, કરેં દુઃખોં કા અંત ।।

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 23 જુન 2013** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
**ભાભા હોટેલ, પંચનાથ રોડ,**
**રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866**
**મોબાઈલ : 94272 21591**
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org